आर ई सी REC — असीमित ऊर्जा, अनन्त संभावनाएं — Endless energy. Infinite possibilities.

**(भारत सरकार का महारत्न उद्यम) (A Maharatna Government of India Enterprise)**
Regd. Office : Core-4, SCOPE Complex, 7 Lodhi Road, New Delhi 110003
Corporate Office : Plot No. I-4, Sector-29 Gurugram - 122001 (Haryana)
Tel: +91 124 4441300, | Website: www.recindia.nic.in
Email: complianceofficer@recindia.com | CIN: L40101DL1969GOI005095

## NOTICE OF CONVENING OF 56TH ANNUAL GENERAL MEETING THROUGH VC/OAVM

Notice is hereby given that the 56th Annual General Meeting ("AGM") of REC Limited will be held through Video Conferencing ("VC")/Other Audio Visual Means ("OAVM") on **Wednesday, August 27, 2025 at 11:00 A.M. IST,** without physical presence of members at a common venue, in compliance with the provisions of the Companies Act, 2013 and the Rules made thereunder read with General Circular dated September 19, 2024 and other applicable circulars issued by the Ministry of Corporate Affairs ("MCA") and Circular dated October 3, 2024 & other relevant circulars issued by Securities and Exchange Board of India ("SEBI"), to transact the business(es) set out in the notice of AGM.

Members may note that in compliance with the above circulars, the Notice of 56th AGM and Annual Report for the financial year 2024-25 will be sent only by e-mail, to those shareholders whose e-mail addresses are registered with the Company or respective Depository. The said documents will also be made available on the website of the Company i.e. **www.recindia.nic.in** and website of stock exchanges i.e. **www.bseindia.com** and **www.nseindia.com.**

The e-voting period would begin on **Sunday, August 24, 2025 (from 9:00 a.m.)** and end on **Tuesday, August 26, 2025 (upto 5:00 p.m.).** The detailed instructions for attending the AGM, remote e-voting for shareholders holding shares in dematerialized mode, physical mode and for those shareholders whose e-mail IDs are not registered, will be provided in the Notice of AGM. Shareholders will have an opportunity to join and participate in the 56th AGM through VC/OAVM facility only and cast their vote on the items of business(es) as set forth in the Notice of the AGM through remote e-voting prior to the AGM and through e-voting system during the AGM.

Shareholders holding shares in physical mode and who have not registered/updated their e-mail IDs, mobile numbers or bank details, NACH Facility and other details are requested to update the same with Registrar and Transfer Agent ("RTA") of the Company, in the prescribed Forms available on the website of the Company/RTA. Further, Shareholders holding shares in dematerialized mode, are requested to register their e-mail addresses, mobile numbers and bank details (for receiving electronic payments of dividends), with their respective Depository Participant ("DP").

**Manner of registering KYC including Bank Details for receiving Dividend**

The Board of Directors of the Company had recommended final dividend for the financial year 2024-25, subject to the approval of shareholders at the ensuing AGM. SEBI has mandated that with effect from April 1, 2024, dividend to physical security holders shall be paid only through electronic mode. Henceforth, the payment of dividend would be withheld if the KYC details viz. PAN, choice of nomination, contact details including mobile number, bank account details, specimen signature etc. are not available against the folio of the member(s). Member(s) are requested to submit the details as follows:

| | |
|---|---|
| Members holding shares in physical form | With RTA of the Company i.e. Alankit Assigments Limited (Unit : REC Limited) 205-208, Anarkali Complex, Jhandewalan Extension, New Delhi-110055, Email: **virenders@alankit.com,** in the prescribed Forms available on the website of the Company at **"www.recindia.nic.in/forms"** and RTA at **"https://alankitassignments.com/investor-charter".** |
| Members holding shares in dematerialized form | With DP, where the Demat Account is maintained as per the process advised by the DP. |

Members are also requested to carefully read all the Notes set out in the Notice of the AGM and in particular, instructions for joining the AGM, manner of casting vote through remote e-voting or e-voting at the AGM.

**Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares**

In terms of SEBI Circular dated July 2, 2025, a special window has been opened for a period of six months from July 7, 2025 till January 6, 2026, only for re-lodgement of transfer deeds of physical shares, which were lodged prior to April 1, 2019 and were rejected, returned or not attended, due to deficiencies in the documents / process or otherwise. The shares re-lodged for transfer shall be issued only in demat mode after completing the due process. Eligible shareholders are requested to submit their request along with requisite documents to Company's Registrar and Transfer Agent.

**For REC Limited**
**Sd/-**
**(J.S. Amitabh)**
**Executive Director &**
**Company Secretary**

**Date: July 30, 2025**
**Place: Gurugram**

# ભાવનગર શહેર ભાજપમાં ભડકો, મેયર ભરત બારડની આત્મવિલોપનની ચીમકીથી ખળભળાટ

● ભાવનગર, તા.૩૦

ગુજરાતના ભાવનગર શહેરના રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચી ગઈ છે, કારણ કે શહેરના મેયર અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ નેતા ભરત બારડે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે. આ ઘટનાએ ભાજપના આંતરિક રાજકારણમાં નવો વિવાદ જન્માવ્યો છે, જેના કારણે પાર્ટીની અંદરની જૂથબાજી ખુલ્લેઆમ સામે આવી છે. મેયર બારડે વોટ્સએપ ગ્રુપમાં પોતાના હૈયાવરાળ ઠાલવ્યા, જેના પગલે રાત્રે ૧૧:૩૦ કલાકે ભાજપના નેતાઓમાં ભારે ખળભળાટ મચી ગયો. આ ઘટના રાજ્ય ભાજપના પ્રભારી રત્નાકરજીના ભાવનગર આગમન પહેલાં જ બની, જેના કારણે પાર્ટીની અંદરની અશાંતિ વધુ ઉગ્ર બની છે.

ભરત બારડે ભાવનગર મહાનગરપાલિકાના લારી-ગલ્લા વિભાગમાં થતા ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે આ વિભાગમાં ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારના આરોપો સામે ઉગ્ર વાંધો ઉઠાવ્યો, જેના કારણે પાર્ટીના અમુક આગેવાનો સાથે તેમનો સંઘર્ષ વધ્યો. મેયરના આક્ષેપો અનુસાર, આ ભ્રષ્ટાચારમાં ભાજપના કેટલાક નેતાઓની સંડોવણી હોવાનું પણ સૂચવાયું છે, જેના કારણે પાર્ટીની અંદર તણાવ વધ્યો છે. વિવાદનું એક નવું પાસું એ પણ સામે આવ્યું છે કે મેયર ભરત બારડને હનીટ્રેપમાં ફસાવવાનો કથિત પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. આ ઘટનામાં ભાજપના જ કેટલાક આગેવાનોની સંડોવણી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આવા ગંભીર આક્ષેપોએ ભાજપની અંદરના જૂથો વચ્ચેના ઘર્ષણને વધુ તીવ્ર બનાવ્યું છે. મેયરે પોતાની વોટ્સએપ પોસ્ટમાં આ મુદ્દે પણ નારાજગી વ્યક્ત કરી હતી, જેના કારણે પાર્ટીના અન્ય નેતાઓ પર દબાણ વધ્યું છે.

મેયર બારડે ભાજપના આંતરિક વોટ્સએપ ગ્રુપમાં પોતાની નારાજગી અને ભ્રષ્ટાચારના આક્ષેપો સહિત આત્મવિલોપનની ચીમકી ધરાવતી પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટે પાર્ટીના નેતાઓમાં ખળભળાટ મચાવી દીધો. જોકે, ગ્રુપ એડમિન રઘુભાઈએ તાત્કાલિક આ પોસ્ટ ડિલીટ કરી દીધી, પરંતુ ત્યાં સુધીમાં આ સમાચાર ફેલાઈ ચૂક્યા હતા. આ ઘટનાએ ભાજપની અંદરની ગતિશીલતા અને આંતરિક ઘર્ષણને ખુલ્લું પાડી દીધું.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે રાજ્ય ભાજપના પ્રભારી રત્નાકરજી ભાવનગરની મુલાકાતે આવવાના છે. તેમના આગમન પહેલાં જ મેયરની આ ચીમકી અને આક્ષેપોએ પાર્ટીની અંદરની જૂથબાજીને વધુ ઉજાગર કરી દીધી છે. ભાજપના નેતાઓમાં આ ઘટનાને લઈને અનેક ચર્ચાઓ ચાલી રહી છે, અને કેટલાક નેતાઓ પર આની લાંબાગાળાની અસર

# ગીરના રાજવી જય અને વીરુના મોતથી એક યુગનો અંત, દશકાના દબદબાની વિદાય

● જૂનાગઢ, તા.૩૦

ગીર જંગલમાં ખુમારી અને અસલ અદા ભર્યા એક દશકા કરતા પણ વધારેના શાસનનો આજે જયના મોત બાદ અંત આવ્યો છે. ગીર જંગલમાં સૌથી મોટા વિસ્તારમાં દબદબો ધરાવતા જય અને વીરુ નામના બે નર સિંહ અલગ-અલગ ઈન્ફાઈટમાં ઘાયલ થયા હતા. જેમાં ૧૨મી જૂને વીરુનું મોત થયું હતું તો ૨૯મી જુલાઈના દિવસે લાંબી સારવાર બાદ જયનું પણ મોત થતા સિંહ પ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.એક દસકા ના શાસનનો જયના મોત બાદ અંતઃ ગીર કે જેના સિંહને માલધારીઓ અને પ્રવાસીઓની સાથે સિંહ પ્રેમીઓ અને વન વિભાગના અધિકારીઓ નામથી ઓળખતા હતા. આવી જ એક પ્રખ્યાત જય અને વીરુ નર સિંહની જોડી જેણે એક દસકા કરતા પણ વધારે સમય સુધી ગીર વિસ્તારના સૌથી લાંબા વિસ્તાર પર દબદબા ભર્યા શાસનનો આજે જય ના મોત બાદ અંત આવ્યો છે. જૂન મહિનામાં ગીર જંગલ વિસ્તારમાં બે અલગ અલગ ઈન્ફાઈટની ઘટનામાં જય અને વીરુ ખૂબ જ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બંને ઘાયલ નર સિંહને સાસણ એનિમલ સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ખૂબ ટૂંકી સારવાર બાદ વીરુનું મોત ૧૨મી જૂનના દિવસે થતા સમગ્ર ગીર જંગલમાં ઘેરો શોક પ્રસ્થાપિત થયો હતો. સાથે સાથે સારવારમાં રહેલા વીરુ ઝડપથી તંદુરસ્ત બનીને ફરી તેના વિસ્તારમાં ગ્રુપ સાથે જોવા મળે તેવી સૌ કોઈ આશા રાખી રહ્યા હતા, પરંતુ આ આશા ૨૯મી જુલાઈના દિવસે પૂરી ન થઈ શકી. લાંબી સારવાર બાદ જયનું પણ મોત થતા એક દસકા કરતા પણ વધારે સમયથી ગીર જંગલમાં દબદબા ભર્યું શાસન આપનાર જય અને વીરુના મોતથી સિંહપ્રેમીઓ, માલધારીઓ અને વન વિભાગના અધિકારીઓમાં ભારે શોક જોવા મળી રહ્યો છે.તબીબોના અંતિમ પ્રયાસો પણ જયનો જીવ ન બચાવી શક્યાઃ ઈન્ફાઈટમાં ઘાયલ વીરુના મોત બાદ જયની સારવાર સાસણ એનિમલ કેર સેન્ટર ખાતે તબીબોની હાજરીમાં સતત થઈ રહી હતી. ૨૯મી જુલાઈ પૂર્વે બે વખત એવી ઘટના પણ સામે આવી કે જેમાં જય સ્વસ્થ થતો જોવા મળ્યો, પરંતુ અચાનક ફરી તેની તબિયત બગડતા તેને આર્યુવેદિક ઉપચાર પદ્ધતિ થકી પણ નવજીવન આપવાનો પ્રયાસ વન વિભાગના તબીબોએ કર્યો અને અંતે જયને બચાવવામાં નિષ્ફળતા મળી. જય અને વીરુ ગીર જંગલમાં સૌથી મોટા સિંહોના ગ્રુપ પર દબદબો ધરાવતા હતા તેના ગ્રુપમાં ૧૫ સિંહણ કેટલાક સિંહબાળની સાથે સબ એડલ્ટ સિંહો કે જેને પાઠડા સિંહ તરીકે ઓળખવામાં આવે છે આવા ૩૦ થી ૪૦ સિંહનું એક ગ્રુપ હતું, જેના સર્વેસર્વા જય અને વીરુ હતા. આ બંનેના મોત થતા હવે આ ગ્રુપ પર નવ યુવાન સિંહોનો દબદબો આગામી દિવસોમાં જોવા મળશે. સિંહના મોતના કિસ્સાઓ જંગલ વિસ્તારમાં સામાન્ય જોવા મળે છે તે મુજબની આ કુદરતી પ્રક્રિયા દરમિયાન ઈનફાઈટમાં ઘાયલ થયેલા બંને સિંહના મોત થયા છે.

# જેલમાંથી છૂટતા જ મિત્રો સાથે મળીને પત્નીને પીંખી નાખી, પછી કર્યું હચમચાવનારું

● સુરત, તા.૩૦

ગુજરાતના સુરત શહેરથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેના વિશે જાણીને તમે પણ દંગ રહી જશો. શહેરના કાપોદ્રા વિસ્તારમાં જેલમાંથી છૂટીને ઘરે આવેલા એક ક્રૂર પતિએ તેની પત્ની પર તેના મિત્ર સાથે મળીને કોઈ પુરુષ સાથે ગેરકાયદેસર સંબંધ હોવાની શંકામાં ગેંગરેપ કર્યો. આ પછી, તેણે તેની પત્નીને માર મારીને મારી નાખવાનો પણ પ્રયાસ કર્યો. આ પછી, પતિએ તેના મિત્રોની મદદથી તેની પત્નીના હાથ-પગ બાંધીને તાપી નદીમાં ફેંકી દેવાનો પ્રયાસ કર્યો. પરંતુ પત્ની કોઈક રીતે પોતાનો જીવ બચાવી અને સીધી કાપોદ્રા પોલીસ સ્ટેશન પહોંચી. પીડિત પત્નીએ તેના પતિ અને તેના મિત્રોના કૃત્યની પોલીસને જાણ કરી. મામલાની ગંભીરતા જોઈને કાપોદ્રા પોલીસે ગેંગરેપ અને હત્યાના પ્રયાસનો કેસ નોંધ્યો અને થોડા કલાકોમાં જ આ ગુનામાં મુખ્ય આરોપી પતિ અને તેના ત્રણ મિત્રોની ધરપકડ કરી.પીડિત મહિલાનો પતિ ગણેશ રાજપૂત પણ આ ધરપકડ કરાયેલા આરોપીઓમાં સામેલ છે. ગણેશ રાજપૂત પહેલાથી જ ૨૬ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો છે. ગણેશને શંકા હતી કે જ્યારે તે જેલમાં હતો ત્યારે તેની પત્નીના બીજા પુરુષ સાથે ગેરકાયદેસર સંબંધ હતા. આ શંકાના કારણે તેણે તેની પત્ની પર અમાનવીય અત્યાચાર કરવાનું કાવતરું ઘડ્યું હતું. ગુરુવાર, ૨૪ જુલાઈ, ૨૦૨૫ ના રોજ રાત્રે ૯ વાગ્યાની આસપાસ, આરોપી પતિએ તેની પત્નીને લાકડી અને હથોડીથી નિર્દયતાથી માર મારવાનું શરૂ કર્યું. આ હુમલા પછી પણ પતિનો ગુસ્સો શાંત થયો નહીં. શુક્રવાર, ૨૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યાની આસપાસ, ગણેશ રાજપૂત અને તેનો મિત્ર મહેશ ફરિયાદી મહિલાને તેના ઘરની બહારથી ઉપાડી ગયા અને દીનદયાળ નગરમાં રૂમ નંબર ૪૦ માં લઈ ગયા. અહીં બંને પુરુષોએ મહિલાની ઈચ્છા વિરુદ્ધ એક પછી એક બળાત્કાર ગુજાર્યો.તેમની ક્રૂરતા અહીં જ અટકી ન હતી. મહિલાને મારી નાખવાના ઈરાદાથી, તેઓએ તેના માથા પર પાઈપ વડે હુમલો કર્યો, જેનાથી તેણી ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ. ગેંગરેપ અને માથામાં ગંભીર ઈજા થયા પછી પણ, આરોપીઓ સંતુષ્ટ ન થયા. પતિ ગણેશ રાજપૂતે તેના અન્ય મિત્રો કચ્યો ઉર્ફે વિજય ઈશ્વરભાઈ રાઠોડ અને અપ્પા જગન્નાથ વાઘમારેને બોલાવ્યા. ચારેય આરોપીઓએ મહિલાને ઓટો રિક્ષામાં બેસાડી અને તાપી નદીના કિનારે પાણીની ટાંકી પર લઈ ગયા. ત્યાં પણ તેઓ મહિલાને માર મારતા રહ્યા. તેઓએ મહિલાના હાથ-પગ દોરડાથી બાંધી દીધા અને તાપી નદીમાં ફેંકી દેવાનો પ્રયાસ કર્યો, જેના કારણે મહિલા મૃત્યુ પામી અને પછી ચારેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયા. ગંભીર રીતે ઘાયલ મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ભાનમાં આવ્યા બાદ, તેણીએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં સમગ્ર ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી. આ ગુનાની ગંભીરતા જોઈને, સુરત પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. કાપોદ્રા પોલીસે આરોપીઓના સંભવિત છુપાવાનાં સ્થળો શોધવા માટે સર્વેલન્સ ટીમ સહિત વિવિધ ટીમોની રચના કરી હતી. સર્વેલન્સ ટીમે થોડા કલાકોમાં ગુનાના ચારેય આરોપીઓને શોધી કાઢ્યા અને તેમની ધરપકડ કરી.

# રાજકોટનો મુસ્લિમ યુવાન શ્રાવણમાં દરરોજ ૧૦ કિ.મી. પગપાળા શિવજીની પૂજા ચાલીને કરે છે



● રાજકોટ, તા.૩૦

ધર્મનાં બંધનમાં નહીં, ભક્તિ તો હૃદયમાં વસે છે. આજે આપણે વાત કરીએ એક એવા શિવ ભક્તની, જેઓ જન્મે તો મુસ્લિમ છે પણ અંતઃકરણથી તેમને મહાદેવ પર અતૂટ શ્રદ્ધા છે. મુસ્લિમ બિરાદર અહેસાનભાઈ ચૌહાણ કોમી-એકતામાં માને છે. જેથી ભાઈચારાની લાગણી ફેલાય અને લોકો એક બનીને રહે. શિવજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને કારણે તેઓ છેલ્લા ૩૩ વર્ષથી દરેક શ્રાવણ માસમાં દરરોજ ૧૦.૫ કિલોમીટર દૂર ઈશ્વરીયા મહાદેવના મંદિરે પગપાળા જઈને પૂજા કરે છે. એટલું જ નહીં, તેઓ શ્રાવણ મહિનાના સોમવારે વૃદ્ધ લોકોને સોમનાથ મહાદેવના દર્શન પણ કરાવે છે.અહેસાનભાઈ કહે છે કે, "હું મુસ્લિમ છું, પણ મને મહાદેવ પર અતૂટ શ્રદ્ધા છે. હું છેલ્લા ૩૩ વર્ષથી શ્રાવણ માસમાં મહાદેવના દર્શન માટે ઘરેથી પગપાળા નીકળું છું. આખો મહિનો ચાલીને મહાદેવના દર્શન કરવા જાઉં છું. આ મારું ૩૪મું વર્ષ છે. અહીંયા આવીને મનોકામના કરો તો ચોક્કસથી પૂર્ણ થાય છે."અહેસાનભાઈ ચૌહાણ મૂળ રાજકોટના છે. તેઓ કોમી એકતાનું જીવંત ઉદાહરણ છે. અહેસાનભાઈ છેલ્લા ૩૩ વર્ષથી શ્રાવણ માસમાં ૧૦.૫ કિલોમીટર પગપાળા જઈને ઈશ્વરિયા મહાદેવના દર્શન કરે છે. તેઓ શ્રાવણ માસમાં મહાદેવની પૂજા કરે છે અને શ્રદ્ધાથી ભક્તિ કરે છે. તેમના મતે, ભક્તિ કોઈ ધર્મ સાથે જોડાયેલી નથી. તેઓ કહે છે કે "હું હિન્દુ કે મુસ્લિમ નથી, પણ હું તો એક માનવી છું." તેઓ મોહરમમાં નમાઝ પઢે છે અને શ્રાવણમાં શિવભક્તિ પણ કરે છે. કોમી એકતાના સંદેશ સાથે અહેસાનભાઈ દિવ્યાંગ, અનાથ, ગરીબ અને ભીક્ષુકોને શ્રાવણ માસના પહેલા સોમવારે સોમનાથની યાત્રા પણ કરાવે છે. આ સાથે જ તેમના ભોજનની વ્યવસ્થા પણ કરે છે.અહેસાનભાઈ કહે છે કે તેઓ દિવ્યાંગ, અનાથ, ગરીબ અને ભીક્ષુકોને છેલ્લા ૨૦ વર્ષથી સોમનાથ દાદાના દર્શન કરાવે છે. આ ૨૧મું વર્ષ છે. તેઓ કહે છે કે, "હું જેટલા લોકોને લઈ જઈ શકીશ એટલા લોકોને આ વર્ષે પણ સોમનાથ મહાદેવના દર્શન કરાવીશ." અહેસાનભાઈ ટ્રેન મારફતે આ લોકોને સોમનાથના દર્શન માટે લઈ જાય છે અને રસ્તામાં તેમને ફરાળ, એકટાણું પણ કરાવે છે. સાથે સાથે તેઓ ચેવડો, ચવાણું અને જુદા જુદા ફળ પણ લઈ જાય છે, જેથી વૃદ્ધો ભૂખ્યા ન રહે. અહેસાનભાઈ કહે છે કે સોમનાથમાં અમને સારી સુવિધા મળે છે. અમે ત્યાં પહોંચીએ એટલે સોમનાથ મંદિર દ્વારા અમને સીધા અંદર સુધી દર્શન કરવા લઈ જાય છે અને જળાભિષેક કરાવે છે.આ બાબતે યાત્રાળુ કાન્તાબેન કહે છે કે, અહેસાનભાઈ ભલે મુસ્લિમ હોય, પરંતુ તેઓ ગુજરાતી ધર્મનું પાલન પણ કરે છે.

# હિંમતનગર મામલતદાર કચેરી ખાતે રૂપિયા ૩૦ હજારની લાંચ સ્વીકારનાર નાયબ મામલતદારને રંગે હાથ ઝડપાયો

● હિંમતનગર, તા.૩૦

ગુજરાત એસીબીને અવારનવાર ખાણ-ખનિજના મામલે બેફામ લાંચ લેતા અધિકારીઓની રાજ્યભરમાં મોટી બૂમ છે. ભ્રષ્ટાચારના ખનનમાં ખાણ-ખનિજ વિભાગની સાથે-સાથે મહેસૂલ વિભાગ પણ જોડાયેલો છે. ગુજરાત એસીબીની ટીમે એક ડીકૉય ગોઠવીને સાબરકાંઠાની હિંમતનગર મામલતદાર કચેરી ખાતે રૂપિયા ૩૦ હજારની લાંચ સ્વીકારનાર નાયબ મામલતદારને રંગે હાથ પકડી પાડ્યો છે.

રાજ્યના અન્ય જિલ્લા અને તાલુકાઓની જેમ સાબરકાંઠાના હિંમતનગર મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચારની દુકાન ધમધમે છે. આવી માહિતી ગુજરાત એસીબીને મળતા અધિકારીઓએ આ મામલે તપાસ કરી હતી. ખાણ-ખનિજ વિભાગમાંથી ખનન કરવાની મંજૂરી મળ્યા બાદ સ્થાનિક સર્કલ ઑફિસર જગ્યાનો નકશો બનાવીને અભિપ્રાય આપે છે. આ પ્રક્રિયા બાદ અરજદાર જે-તે સ્થળેથી ખનન કરી શકે છે. આવા અરજદારો પાસેથી હકારાત્મક અભિપ્રાય આપવા બદલ ગાંભોઈ સર્કલ ઑફિસર જિતેન્દ્ર રમેશચંદ્ર પટેલ (નાયબ મામલતદાર) ૩૦ હજારથી ૫૦ હજાર રૂપિયા જેટલી લાંચ માગે છે. આ હક્કિત આધારે મહેસાણા એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. ડી. ચાવડાએ એક ડિકૉય ગોઠવી હતી. ડિકૉય દરમિયાન લાંચિયો નાયબ મામલતદાર ૩૦ હજાર રૂપિયા લેતા રંગે હાથ ઝડપાઈ ગયો છે.

ભાજપ સરકારના મંત્રીઓથી લઈને સંત્રીઓ સુધી સૌને ખબર છે કે, ખાણ-ખનિજ અને મહેસૂલ વિભાગમાં કેટલી હદે ભ્રષ્ટાચાર ફેલાયેલો છે. આમ છતાં વિભાગના વડાઓ ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યાં છે.

## કાગવદર સીમ વિસ્તારમાં ૨ સિંહબાળના શંકાસ્પદ મોત બાદ ૧૧ સિંહોનું રેસ્ક્યું

● અમરેલી, તા.૩૦

ગુજરાતની આન-બાન અને શાન ગણાતા સિંહો પર ભેદી રોગચાળાનું સંકટ મંડરાઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કાગવદર સિમ વિસ્તારમાં ૨ સિંહબાળના શંકાસ્પદ રીતે મોત થતાં ભેદી રોગચાળાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના બાદ વનવિભાગ દ્વારા ૧૧ સિંહોનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ૯ સિંહબાળ અને ૧ સિંહણને પાંજરે પૂરવામાં આવ્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, જે સિંહબાળનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે તેમની હાલત અત્યંત નાજુક છે. ૨ સિંહબાળના શંકાસ્પદ મોત અને અન્યની નાજુક હાલત જોતા વનવિભાગમાં ચિંતા વ્યાપી છે અને સિંહબાળમાં કોઈ ભેદી રોગચાળો ફાટી નીકળ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાલીતાણા શેત્રુંજી ડીવીઝન હેઠળ આવતી જાફરાબાદ રેન્જમાં વનવિભાગ દોડતું થયું છે. જાફરાબાદ તાલુકામાં રેવન્યુ વિસ્તાર, માઈન્સ વિસ્તાર અને ઉદ્યોગોમાં વસવાટ કરતા સિંહોના સ્કેનિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. વનવિભાગ દ્વારા આ અંગે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. સિંહબાળના સેમ્પલ લેવામાં આવશે અને એનિમલ ડોક્ટરની ટીમ દ્વારા તેમના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવશે.વિપુલ લહેરી (પૂર્વ વાઈલ્ડ લાઈફ વોર્ડન અમરેલી)એ જણાવ્યું હતું કે 'વર્ષ ૨૦૧૮ માં પણ રોગચાળાના કારણે ૨૨ સિંહો મૃત્યુ પામ્યા હતા. આ બનાવ બાદ સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે ટેસ્ટ થાય અને લેબોરેટરી થાય જેથી કોઈ રોગચાળો ફાટી નીકળ્યો છે કે કેમ? તેનો ખ્યાલ આવી શકે તેવી માંગ ઉઠી છે.'


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**હાલની એર કન્ડીશનીંગ સિસ્ટમની બદલી**

**ટેન્ડર નંબર: M442-ARME-AC-RT-2025**

**કામનું નામઃ** "વડોદરા ડિવિઝન, પશ્ચિમ રેલ્વેના SPART ની હાલની એર-કન્ડિશનિંગ સિસ્ટમને નવા સ્પ્લિટ એર કન્ડીશનર સાથે બદલવા, જરૂરી ફિક્સ્ચર વર્ક સાથે" નો કોન્ટ્રાક્ટ કાર્ય.

**કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૧૧,૧૪,૩૭૪.૭૦/-**

**કમાણીઃ રૂ. ૨૨,૩૦૦/-**

**ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમયઃ** ૧૫:૦૦ કલાક પછી નહીં. ૧૮/૦૮/૨૦૨૫ ના રોજ નિર્ધારિત રીતે.

**ખુલવાની તારીખ અને સમયઃ** સબમિશનની છેલ્લી તારીખ એટલે કે ૧૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૫.૩૦ કલાકે.

**ઓફરની માન્યતાઃ ખુલવાની તારીખથી ૬૦ દિવસ**

**પૂર્ણતા સમયગાળોઃ ૬૦ દિવસ**

**વેબસાઇટની વિગતો :https://www.ireps.gov.in** BRC128

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડલ**

**ટેન્ડર સૂચના નંબર: S&T/BRC/25-26/04/TEL-R તારીખ: 25.07.2025**

**ટેલિકોમ કાર્યના સંબંધમાં ગુડ્સ શેડમાં સુધારો**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્ય કરતા સિનિયર DSTE/વડોદરા ટેન્ડર નંબર SandT_BRC_25-26_04_TEL-R સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકશે.આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

**કામનું નામ અને તેનું સ્થાન:** ટેલિકોમ કાર્યના સંબંધમાં (1) ભરૂચ ગુડ્સ શેડમાં સુધારો.(2) વડોદરા યાર્ડ ગુડ્સ શેડમાં સુધારો.(3) ચેમ્પિયન રોડ ગુડ્સ શેડમાં સુધારો.

**કામની અંદાજિત કિંમત:** રૂ.58,70,639/-

**બિડ સિક્યોરિટી ડિપોઝિટ:** રૂ.1,17,400/-

**ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 18.08.2025 @ 15:00 કલાક અને 18.08.2025 @ 15:30 કલાક

**વેબસાઈટ વિગતો અને સૂચના માટેનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય વગેરે.:** સિનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, 2જા માળે-એનેક્સ બિલ્ડિંગ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 http://www.ireps.gov.in BRC125

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# જૂનાગઢના ભવનાથ મંદિરમાં સાધુના બદલે સરકારી તંત્રનું શાસન આવે તેવી શક્યતા, ૩૧ જુલાઈએ મહંતની મુદત પૂર્ણ

● જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢમાં આવેલા પ્રખ્યાત ભવનાથ મંદિરના મહંત હરિગીરીની મુદત ગુરુવારે ૩૧ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહી છે. જેથી પ્રથમવાર ભવનાથ મંદિરમાં સાધુને બદલે સરકારનું શાસન આવશે તેવી શક્યતાઓ પ્રબળ બની ગઈ છે. ભવનાથના વર્તમાન મહંત હરિગીરી સામે ભૂતકાળમાં અને ગંભીર આક્ષેપો ઉઠ્યા હતા. જ્યારે હરિગીરીની મહંત તરીકે કલેક્ટર દ્વારા નિમણૂક કરવામાં આવી તે નિમણૂકમાં પણ તત્કાલીન કલેક્ટર રચિત રાજ દ્વારા ગેરરીતિ અને નિયમોને નેવે મૂક્યા હોવાના ખુદ ભાજપના ધારાસભ્ય આક્ષેપ કર્યા હતા. આ ઉપરાંત મહંત બનવા માટે કરોડોની લાંચ આપ્યાના પત્ર પણ જાહેર થયા હતા. હવે મહંત તરીકેની હરિગીરીની મુદત તારીખ ૩૧ જુલાઈના પૂર્ણ થઈ રહી છે નવા મહંત બનવા માટેની કલેક્ટર દ્વારા હજુ સુધી કોઈ પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી.ભવનાથ મંદિરના મહંતની નિમણૂક કલેક્ટર દ્વારા કરવામાં આવે છે. ભવનાથના અગાઉના જે મહંતો હતા તેમના શિષ્યોને મહંત બનાવવાની જોગવાઈ છે પરંતુ હજુ સુધી કોઈ પ્રક્રિયા પણ શરૂ થઈ નથી એટલે તારીખ ૧ ઓગસ્ટથી ભવનાથ મંદિરમાં સાધુને બદલે સરકારનું શાસન આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.આ સમગ્ર મામલે ભવનાથના વર્તમાન મંહત હરિગીરીએ જણાવ્યું કે સરકાર જે નિર્ણય કરે તે શિરોમાન્ય રહેશે, જ્યારે મહંતનો દાવો કરનાર અને વર્ષોથી લડાઈ કરનાર રાજુગીરીએ સરકાર પર આક્ષેપ કર્યો છે કે અમારા પરિવારનો મંહત તરીકે કાયદેસરનો હક હોવા છતાં સરકાર અન્યાય કરી રહી છે.


GRAND MERCURE SURYA PALACE

**JINDAL HOTELS LIMITED**

**CIN : L18119GJ1984PLC006922**

**Regd. Office :** GRAND MERCURE Vadodara Surya Palace, Sayajigunj, Vadodara - 390 020. **Phone :** 0265-2363366 / 2226044 / 2226000

**Email ID :** share@suryapalace.com **Website :** www.suryapalace.com

**NOTICE TO SHAREHOLDERS**
**SPECIAL WINDOW FOR RE-LODGEMENT OF TRANSFER REQUESTS OF PHYSICAL SHARES**

Notice is hereby given that in terms of the SEBI circular no. SEBI/HO/MIRSD/MIRSD-POD/CIR/2025/97 dated July 2, 2025, a special window has been opened only for re-lodgement of transfer deeds, which were lodged prior to April 1, 2019 and were rejected / returned / not attended, due to deficiency in the documents / process or otherwise.

The special window will remain open for a period of six months from July 7, 2025, to January 6, 2026. Accordingly, eligible shareholders are requested to submit their transfer requests along with the requisite documents to the Company's Registrar and Share Transfer Agent (RTA) at: MUFG Intime India Private Limited "Geetakunj", 1, Bhakti Nagar Society, Behind ABS Tower, Old Padra Road, Vadodara - 390015. Tel.: 0265-3566768 | Email: vadodara@in.mpms.mufg.com

The shares that are re-lodged for transfer shall be issued only in demat form, once all the documents are found in order by the RTA.

For Jindal Hotels Limited
Sd/-
Mansi Vyas
Company Secretary

Place : Vadodara
Date : 30th July, 2025


# જામનગરમાં સસ્પેન્ડેડ આચાર્ય ગેસ સિલિન્ડર ચોરી કેસમાં ઝડપાયો, ૩ જિલ્લાની ૨૬ આંગણવાડીમાં ચોરીનો ભેદ ઉકેલાયો

● જામનગર, તા.૩૦

દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાની ૨૬ આંગણવાડીઓમાંથી ગેસ સિલિન્ડર ચોરવાના ગુનામાં એક સસ્પેન્ડેડ પ્રાથમિક શાળાના આચાર્ય/શિક્ષકને જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. આ ધરપકડથી ત્રણેય જિલ્લાઓમાં થયેલી કુલ ૨૬ ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલાઈ ગયો છે.જામનગર એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમના સ્ટાફ દ્વારા જામનગર અને અન્ય જિલ્લાઓમાં આંગણવાડીઓમાંથી ગેસ સિલિન્ડર ચોરીના વણશોધાયેલા ગુનાઓ શોધવા માટે સઘન પેટ્રોલિંગ અને વર્કઆઉટ ચાલી રહ્યું હતું. દરમિયાન, ત્ઝમ્ને બાતમી મળી હતી કે, આંગણવાડીઓમાં ગેસ સિલિન્ડર ચોરનાર પ્રાથમિક શાળાનો સસ્પેન્ડેડ આચાર્ય/શિક્ષક કાંતિલાલ ડાયાભાઈ નકુમ (રહે. જામખંભાળિયા) આ ગુનામાં સંડોવાયેલો છે. આ ઉપરાંત એવું પણ જાણવા મળ્યું હતું કે, તેણે ચોરી કરેલા ગેસ સિલિન્ડર જામનગર તાલુકાના દરેક ગામ નજીક આવેલા સીએનજી પેટ્રોલપંપ પાસેની એક અવાવરુ ઓરડીમાં રાખ્યા છે અને તે સગેવગે કરવાની ફિરાકમાં છે. આ બાતમીના આધારે,એલસીબીએ કાંતિલાલ ડાયાભાઈ નકુમને પકડી પાડ્યો હતો અને તેની કબ્જા હેઠળની અવાવરુ ઓરડીમાંથી ચોરી કરેલા ગેસ સિલિન્ડર અને અન્ય મુદ્દામાલ કબજે કર્યા હતા.આરોપી કાંતિલાલ નકુમ જામખંભાળિયા તાલુકાના કોટા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો. તે ઓનલાઈન જુગારમાં મોટી રકમ હારી જતાં ચોરીના રવાડે ચડ્યો હતો. શરૂઆતમાં તેણે શાળામાંથી લેપટોપ વગેરેની ચોરી કરી હતી, જેના કારણે તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. સસ્પેન્ડ થયા બાદ, તેણે જુદી જુદી આંગણવાડીઓને નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું. પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે, તેણે કુલ ૨૬ જેટલી આંગણવાડીઓમાં ચોરી કરી છે. જેમાં જામનગર જિલ્લામાં ૧૧, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦ અને પોરબંદર જિલ્લામાં પાંચ આંગણવાડીઓનો સમાવેશ થાય છે. આરોપી આચાર્ય આંગણવાડીઓની રેકી કરતો હતો અને પછી ડિસમિસ અને લોખંડના સળિયા જેવા સાધનોનો ઉપયોગ કરીને દરવાજાના તાળા અને નકુચા તોડીને ગેસ સિલિન્ડરની ચોરી કરતો હતો. ચોરી કર્યા બાદ તે ગેસ સિલિન્ડરોને જુદા જુદા સ્થળોએ છુપાવી દેતો હતો.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**કેટરિંગ, વોટર વેન્ડિંગ મશીન અને મલ્ટીપર્પઝ સ્ટોલ માટે ઈ-હરાજી**

"કેટરિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન **14.08.2025**ના રોજ યોજાશે. ઈ-ઓક્શન **14.08.2025** ના રોજ **10:00** કલાકે શરૂ થશે. કેટલોગ નંબર **CATERING-BRC-07** પહેલાથી જ વેબસાઈટ **www.ireps.gov.in** પર પ્રકાશિત થઈ ગયો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | કરાર અવધિ |
|---|---|---|
| CATG-2025-2 | કેટરિંગ | 05 વર્ષ |

| નં. | લોટ નંબર | નં. | લોટ નંબર |
|---|---|---|---|
| 1 | Catg-BRC-KIM-GMU-3-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 12 | Catg-BRC-GTE-GMU-47-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 2 | Catg-BRC-GER-GMU-22-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 13 | Catg-BRC-NIU-GMU-38-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 3 | Catg-BRC-URN-GMU-40-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 14 | Catg-BRC-VS-GMU-12-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 4 | Catg-BRC-CTD-GMU-29-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 15 | Catg-BRC-CBY-GMU-24-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 5 | Catg-BRC-PTD-GMU-23-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 16 | Catg-BRC-PLJ-GMU-37-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 6 | Catg-BRC-UMH-GMU-43-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 17 | Catg-BRC-KSB-GMU-39-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 7 | Catg-BRC-KSE-GMU-42-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 18 | Catg-BRC-DRL-GMU-44-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 8 | Catg-BRC-NEP-GMU-49-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 19 | Calg-BRC-ARPR-GMU-45-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 9 | Catg-BRC-PAO-GMU-41-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 20 | Catg-BRC-NDR-GMU-17-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 10 | Catg-BRC-ITA-GMU-11-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 21 | Catg-BRC-BDE-GMU-27-22-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |
| 11 | Catg-BRC-KANJ-GMU-50-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) | 22 | Catg-BRC-PAVI-GMU-46-25-1 (કેટરિંગ - જનરલ માઈનર યુનિટ (GMU)) |

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | કરાર અવધિ |
|---|---|---|
| WVM-BRC-2025-20 | વોટર વેન્ડિંગ મશીનો | 05 વર્ષ |

| No. | Lot No. & Station | No. | Lot No. & Station |
|---|---|---|---|
| 23 | MSS-BRC-PTD-WVM-29-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | 30 | MSS-BRC-MYG-WVM-33-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) |
| 24 | MSS-BRC-ANND-WVM-36-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | 31 | MSS BRC KSB WVM-31-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) |
| 25 | MSS-BRC-KIM-WVM-30-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | 32 | MSS-BRC-GDA-WVM-38-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) |
| 26 | MSS-BRC-CYI-WVM-28-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | 33 | MSS-BRC-EKNR-WVM-47-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) |
| 27 | MSS-BRC-ND-WVM-39-25-2 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | 34 | MSS-BRC-DB-WVM-32-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) |
| 28 | MSS-BRC-BH-WVM-37-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | 35 | MPS-BRC-EKNR-MPS-3-24-1 (MPS મલ્ટી પર્પઝ સ્ટોલ) |
| 29 | MSS-BRC-AKV-WVM-35-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીનો) | | |

127

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

